GRAM: "UNIVERSITY" Phone : (02692) 226801
(02692) 226807

# SARDAR PATEL UNIVERSITY

P.B.No. 10
VALLABH VIDYANAGAR – 388 120 (GUJARAT) INDIA

## કેન્દ્રિય પ્રવેશ (અનુસ્નાતક વિષયો) ૨૦૧૭-૧૮

## પરિપત્ર

આથી સંબંધકર્તા સર્વેને સહર્ષ જણાવવાનું કે ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માં યુનિવર્સીટી અનુસ્નાતક વિભાગો તથા અનુસ્નાતક વિષયો ચલાવતી કોલેજ/ઇન્સ્ટીટ્યુટ માટે કેન્દ્રીય ધોરણે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પ્રવેશ કાર્યવાહી દરમ્યાન સમગ્ર યુનિવર્સીટીના અનુસ્નાતક વિષયો માટે વિદ્યાર્થી દ્વારા એકજ સ્થળે પ્રવેશ ફોર્મ ભરવામાં આવ્યા હતા તથા તેના આધારે વિદ્યાર્થીને પોતાની પસંદગી મુજબના વિભાગ/કોલેજ/ઇન્સ્ટીટ્યુટ માં મેરીટને આધારે પ્રવેશ ફાળવવામાં આવ્યા છે.

ઉપરોક્ત કાર્યવાહી બાદ જે વિભાગો/કોલેજો/ઇન્સ્ટીટ્યુટ માં હજી પણ અનુસ્નાતક વિષયોમાં બેઠકો ખાલી છે ત્યાં તારીખ ૧૨/૦૭/૨૦૧૭ થી ૩૧/૦૭/૨૦૧૭ સુધી વિદ્યાર્થી દ્વારા Online Application Form ભર્યેથી ખાલી બેઠકો ભરી શકાશે. વિભાગો/કોલેજો/ઇન્સ્ટીટ્યુટ દ્વારા સદર બાબતે નીચે મુજબ ની કાર્યવાહી કરવાની રહશે.

૧. જે વિદ્યાર્થીઓએ અગાઉ Online Application Form તથા Application Processing Fees ભરેલ હોય તેવા વિદ્યાર્થીઓએ ફરીથી ૧૫૦/- રૂપિયા ભરવાના નથી. તેઓને Login ID તથા Password ની મદદથી યુનિવર્સીટીના પોર્ટલ ઉપર Login કરી અગાઉ ભરેલ ફોર્મની પ્રિન્ટ આઉટ લઇ જરૂરી તમામ દસ્તાવેજો જોડી યુનિવર્સીટીના એકેડેમિક વિભાગમાં ચકાસણી કરાવવાની રહેશે. ત્યારબાદ યુનિવર્સીટી દ્વારા વિધાર્થીને ખાલી રહેલ બેઠકો ઉપર તેની પસંદગીના વિભાગ/કોલેજ/ઇન્સ્ટીટ્યુટ માં પ્રવેશ માટે મેમો આપવામાં આવશે. વિદ્યાર્થી દ્વારા પ્રવેશ મેમો લઈને સબંધકર્તા વિભાગ/કોલેજ/ઇન્સ્ટીટ્યુટમાં ફી ભરવાની રહશે.

૨. જે વિદ્યાર્થીઓએ અગાઉ Online Application Form તથા Application Processing Fees ભરેલ નથી તેવા વિદ્યાર્થીઓએ યુનિવર્સીટી પોર્ટલ ઉપર પોતાનું રજીસ્ટ્રેશન કરાવવાનું

રહશે. ત્યારબાદ વિદ્યાર્થીએ તેમના મોબાઈલ ઉપર મળેલ Login ID તથા Password ની મદદથી યુનિવર્સીટીના પોર્ટલ ઉપર Login કરી Online Application Form તથા Application Processing Fees ભરવાની રેહશે. ત્યારબાદ ભરેલ ફોર્મની પ્રિન્ટ આઉટ લઇ જરૂરી તમામ દસ્તાવેજો જોડી યુનિવર્સીટીના એકેડમિક વિભાગમાં ચકાસણી કરાવવાની રહેશે. ત્યારબાદ યુનિવર્સીટી દ્વારા વિધાર્થીને ખાલી રહેલ બેઠકો ઉપર તેની પસંદગીના વિભાગ/કોલેજ/ઇન્સ્ટીટ્યુટ માં પ્રવેશ માટે મેમો આપવામાં આવશે. વિદ્યાર્થી દ્વારા પ્રવેશ મેમો લઈને સબંધકર્તા વિભાગ/કોલેજ/ઇન્સ્ટીટ્યુટમાં ફી ભરવાની રહશે.

3. સરદાર પટેલ યુનિવર્સીટી સિવાયની ગુજરાત રાજ્યની અન્ય યુનિવર્સીટીઓ તથા ગુજરાત રાજ્ય ની બહારની યુનિવર્સીટીઓ માંથી આ યુનિવર્સીટીમાં અનુસ્નાતક અભ્યાસક્રમો પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓના પ્રોવીઝીનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (PEC) યુનિવર્સીટી મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન કરતી વખતેજ PEC નંબર જનરેટ થશે, જેથી વિભાગ/કોલેજ/ઇન્સ્ટીટ્યુટ દ્વારા સદર વિદ્યાર્થીઓના અલગથી PEC ફોર્મ ભરાવવાની જરૂરિયાત રહેતી નથી. સિસ્ટમ દ્વારા PEC માટે વિદ્યાર્થી દીઠ ૫૦/- રૂપિયા અલગથી રજીસ્ટ્રેશન ફી ની સાથેજ ભરવાની રહેશે તથા તે મુજબનું વિદ્યાર્થીઓનું લીસ્ટ તૈયાર કરવામાં આવશે.

૪. પ્રવેશ સમિતિ દ્વારા ફાળવેલ વિદ્યાર્થીઓનું લીસ્ટ સબંધકર્તા વિભાગ/કોલેજ/ઇન્સ્ટીટ્યુટ દ્વારા એકેડમિક વિભાગમાંથી મેળવી લેવાનું રહશે. જે વિદ્યાર્થીઓને પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ માટે મેમો ફાળવવામાં આવેલ છે તથા વિદ્યાર્થીઓએ હજી સુધી સબંધકર્તા વિભાગ/કોલેજ/ઇન્સ્ટીટ્યુટ માં ફી જમા કરાવેલ નથી તેવા તમામ વિદ્યાર્થીઓના વિભાગ/કોલેજ/ઇન્સ્ટીટ્યુટ દ્વારા પ્રવેશ રદ કરી તેની જાણ યુનિવર્સીટી એકેડમિક વિભાગને કરવાની રહશે.

૫. ઉપરોક્ત તમામ પ્રક્રિયાઓ યુનિવર્સીટી દ્વારા જાહેર કરેલ તારીખો મુજબ સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું રહશે.

મદદનીશ કુલસચિવ

નંબર : ડી/ઈ/૧૦/૨૫૧૮
તારીખ : ૧૧/૦૭/૨૦૧૭
સ્થળ : વલ્લભ વિદ્યાનગર